સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના શંકાસ્પદ જાતિ પ્રમાણપત્રોની ચકાસણી/ખરાઇ કરવા માટે વિકસતિ જાતિ કલ્યાણ ખાતા હસ્તક ૦૧ જાતિ પ્રમાણપત્ર ચકાસણી સમિતિની રચના કરવા બાબત.

<u>નવી બાબત: વર્ષ:૨૦૦૨૨-૨૩, રકમ રૂ.૨૩.૫૦ લાખ</u>

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:મકમ/૧૨૨૦૨૨/૨૭૨૨૨/અ,
સચિવાલય, ગાંધીનગર.
**તા.૦૫/૦૫/૨૦૨૨.**

**<u>વંચાણે લીધા:</u>**

(૧) Gujarat Scheduled Castes, Scheduled Tribes and other Backward classes (Regulation of Issuance and Verification of Caste certificate) Act, 2018

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૯/૧૨/૨૦૦૮નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૪૦૮/૧૭૫૬/અ

(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૨૯/૦૩/૨૦૨૨નો પત્ર ક્ર:વિજાક/મકમ/૨૦૨૧-૨૨/૧૨૬૫

**આમુખ:**

રાજયમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના જાતિ પ્રમાણપત્રો તથા ઉન્નત વર્ગના પ્રમાણપત્રોની ચકાસણી માટે વંચાણે લીધા ક્રમાંક-(૨) હેઠળના ઠરાવથી રાજયકક્ષાની વિશ્લેષણ સમિતિ રચવામાં આવેલ છે.

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના શંકાસ્પદ જાતિ પ્રમાણપત્રોની ખરાઇ કરવા Gujarat Scheduled Castes, Scheduled Tribes and other Backward classes (Regulation of Issuance and Verification of Caste certificate) Act, 2018ની કલમ -૬(૧) મુજબ એક અથવા વધુ વિશ્લેષણ સમિતિની રચના કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. તેમજ કલમ ૬(૨) મુજબ અનામતના લાભ લેવા માટે ઇસ્યુ કરેલ જાતિ પ્રમાણપત્રના ખરાઇ માટે જાતિ પ્રમાણપત્ર આ વિશ્લેષણ સમિતિમાં રજૂ કરવાનું થાય છે.

આમ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના શંકાસ્પદ જાતિ પ્રમાણપત્રોની ચકાસણી/ખરાઇ કરવા માટે વિકસતિ જાતિ કલ્યાણ ખાતા હસ્તક ૦૧ જાતિ પ્રમાણપત્ર ચકાસણી સમિતિની રચના કરવા બાબતે વંચાણે લીધેલ ક્રમ-(૩) પરના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરએ વર્ષ:૨૦૨૨-૨૩માં નવી બાબત તરીકે દરખાસ્ત કરેલ હતી. જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

**<u>ઠરાવ:</u>**

પુખ્ત વિચારણાના અંતે, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના શંકાસ્પદ જાતિ પ્રમાણપત્રોની ચકાસણી/ખરાઇ કરવા માટે નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, ગાંધીનગર હસ્તક ૦૧ જાતિ પ્રમાણપત્ર

ચકાસણી સમિતિની રચના કરવા બાબતેની રૂ. ૨૩.૫૦ લાખની (અંકે રૂપિયા તેવીસ લાખ પચાસ હજાર પૂરા)ની વર્ષ:૨૦૨૨-૨૩માં નવી બાબતને આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | સંવર્ગનું નામ | સમિતિમાં હોદ્દો | વર્ગ | જગ્યાની સંખ્યા | જગ્યાનું પગાર ધોરણ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | નિયામક (વિકસતિ જાતિ કલ્યાણ) (IAS) - | અધ્યક્ષ | વર્ગ-૧ | ૦૧ | ---- |
| ૨ | નાયબ નિયામક | સભ્ય સચિવ | વર્ગ-૧ | ૦૧ | ૫૬૧૦૦-૧૭૭૫૦૦ |
| ૩ | સમાજ કલ્યાણ અધિકારી | સભ્ય | વર્ગ-૨ | ૦૧ | ૪૪૯૦૦-૧૪૨૪૦૦ |
| ૪ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | -- | વર્ગ-૩ | ૦૧ | ૩૯૯૦૦-૧૨૬૬૦૦ (ફીક્સ પગાર ૩૮૦૯૦) |
| ૫ | સમાજ કલ્યાણ નિરીક્ષક | -- | વર્ગ-૩ | ૦૧ | ૩૫૪૦૦-૧૧૨૪૦૦ (ફીક્સ પગાર ૩૧૩૪૦) |
| ૬ | જુનીયર કલાર્ક | -- | વર્ગ-૩ | ૦૧ | ૧૯૯૦૦-૬૩૨૦૦ (ફીક્સ પગાર ૧૯૯૫૦) |
| -- | -- | -- | કુલ | ૦૬ | -- |

૨. ઉપર કોષ્ટકમાં દર્શાવેલ ક્રમ – ૦૧ ઉપરની નિયામકશ્રીની જગ્યા ઉપર નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, ગાંધીનગર દ્વારા હોદ્દાની રૂએ કામગીરી કરવાની રહેશે.

૩. કોષ્ટકમાં દર્શાવેલ ક્રમ – ૦૨ થી ૦૬ ઉપરની જગ્યાઓને કોલમ નં – ૦૬માં દર્શાવ્યા પ્રમાણેના પ્રગાર ધોરણ સાથે નવી જગ્યા ઉભી કરવાની મંજૂરી આપવામાં આવે છે.

<u>શરતો:-</u>

1. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૨-૨૩ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
2. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
3. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
4. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

5. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
6. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
7. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
8. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.
9. સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજુરી મળ્યેથી છ માસમાં સીધી ભરતીથી ભરવા અંગે સા.વ.વિ./નાણાં વિભાગ મારફત સ્થાયી સમિતિની મંજુરી મેળવી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.
10. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.
11. આ જગ્યાઓ પર નિમણૂંક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.
12. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.
13. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય-ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.
14. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરની રહેશે.
15. વર્ગ-3 ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/0૨/૨00૬ થી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને નાણાં વિભાગના તા.૨૮/03/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.
16. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/03/૨00૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨003/જીઓઆઈ/૧૦ (પા.ફા.)ની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર દ્વારા તા.0૧/0૪/૨00૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.
17. આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાંકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાંકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.
18. સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટ સોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં અચૂક નાણાં વિભાગ(કરકસર પ્રભાગ)ની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.

19. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

"આ અંગેનો ખર્ચ માંગણી નંબર-૯૨, સેકટર-ખ-સામાજિક સેવાઓ, સબ સેકટર-ગ- અનુ.જાતિ/જનજાતિઓ અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, મુખ્ય સદર-૨૨૨૫ અનુ.જાતિ/અનુ. આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગ અને લધુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-03-પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણસદર- ૦૦૧-નિર્દેશ અને વહીવટ, પેટાસદર-(03) ઓ.બી.સી-૧૮ તમામ કક્ષાએ વહીવટી તંત્રને સંગીન બનાવવું બાબત હેઠળ ચાલુ નાણાંકીય વર્ષની જોગવાઈમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે."

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૦૨/૦૫/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.અધિ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી (અનુસૂચિત જાતિ કલ્યાણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.શ.પ. વર્ગોનું કલ્યાણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવના અંગત મદદનીશશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. /- સદરહુ ઠરાવને વિભાગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવાના હેતુસર.
- સિલેક્ટ ફાઈલ -૨૦૨૨.